**//ગાંધીધામ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજિસ્ટર નં...૩૩૩/૨૦૨૬,પ્રોહી કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ મુજબના ગુના કામે કબ્જે કરેલ મુદામાલ વાહન વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા માટે અરજદાર પીન્ટુ કુમાર સૂર્યદેવ યાદવ, ઉ.વ.૩૪, રહે. ઘર નં.નવીસુંદર પુરી, તચબા મસ્જીદ ગાંધીધામ-કચ્છનાઓની અરજી લગત હુકમ //**

(૧) આ કામે અરજીની ટૂંકી હકિકત એવી છે કે, **ગાંધીધામ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજિસ્ટર નં...૩૩૩/૨૦૨૬, પ્રોહી કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ મુજબના** ગુના કામે અરજદારની માલીકીના મુદામાલ વાહન કબજે કરેલ છે, જેથી અરજદાર મુદામાલ વાહન પરત મેળવવા અરજી કરેલ છે. સદર મુદામાલ અરજદારના રોજબરોજના ઉપયોગી સાધન છે. મુદામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો મુદામાલ વાહનને નુકશાન થાય અને અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે. જેથી કેસના આખરી નિકાલ સુધી સદર મુદામાલ વાહનનો વચગાળાનો કબજો મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદારે સદર અરજીમાં જણાવેલ મુદામાલ વાહનની આર.સી.બુકની નકલ તથા અરજદારના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી, રજુ થયેલ દસ્તાવેજો, પોલીસ અભિપ્રાય વંચાણે અને ધ્યાને લીધા. અરજદારના વિધ્વાન વકિલશ્રી તથા ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆતો સાંભળી.

(૩) આ કામે તપાસ કરનાર અમલદારે પોતાનો અભિપ્રાય અને તેની સાથે મુદામાલ પાવતી, પંચનામાની નકલ રજુ કરેલ કરે છે. તે વંચાણે લેતાં અરજીમાં જણાવેલ મુદામાલ હાલના કામે કબ્જે કરેલાનું દર્શાવેલ છે. તપાસ કરનાર અમલદારે અરજદારને મુદામાલ વાહન પરત ન સોંપવા જણાવેલ છે.

(૪) આ કામે અરજદાર વિ.વકિલશ્રીએ અરજી મુજબની હકિકતો જણાવી મુદામાલ જરુર પડે તપાસ કરનાર સમક્ષ તથા અદાલત સમક્ષ રજુ કરશે, નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે તેમ જણાવી અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોલીસ અભિપ્રાય વંચાણે લઈ મુદામાલ અંગે યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

(૫) આ કામે ઉભય પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલ પુરાવા જોતાં અરજદારે મુદામાલ વાહનની આર.સી.બુકની નકલ,અરજદારના આધાર કાર્ડની નકલ વિગેરે રજુ કરેલ છે તથા અસલ આર.સી.બુક કોર્ટના વેરીફીકેશન માટે રજુ કરેલ છે જે જોતા આ મુદામાલ વાહનના માલીક તરીકે હાલના **અ**રજદારના નામે આવેલ હોવાનું જણાય આવે છે અને આ વાહન HERO MOTOCORP

LTD GLAMOUR-DRUM SELF છે કે જેના રજી.નંબર– GJ-12-DH-3749 છે જેના એન્જીન.નં. JA06EHH9J10762 તથા ચેસીસ નં. MBLJARO17H9J32341 અને અરજદારે હાલની અરજી સદર વાહન નામદાર કોર્ટમાંથી વાહન છોડાવવા બાબતે કરેલ હોવાનું જણાઈ આવે છે. તેનાથી વિરુધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે તેવી કોઈ વ્યકિતની રજુઆત નથી.

(૬) વધુમાં, હાલના કામે અરજીમાં જણાવેલો મુદામાલ અંગે અરજદાર સિવાય બીજા કોઈએ આજદિન સુધી કલેઈમ કરેલ નથી. સદર કામે અરજદાર તરફે આર.સી.બુકની નકલ રજુ કરેલ છે. સદર કામે વાદગ્રસ્ત વાહનના માલીકીના હકે તેઓને તમામ કાર્યવાહી કરવાના હક અને અધિકારની રૂએ મુદામાલ પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે. જેથી મુદામાલ પોલીસ સ્ટેશનમાં મુકી રાખવાથી તેને નુકશાન થાય તેમ છે અને કોઈ અર્થ સરે તેમ નથી તેમજ તપાસ કરનાર અમલદારે સદર મુદામાલ વાહનની તપાસ અર્થે કોઈ જરુરત હોય તેવી કોઈ હકિકત જણાવેલ નથી. માત્ર મુદામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેનો કોઈ હેતુ સરે નહીં. જેથી **નામદાર સુપ્રિમકોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૩, એ.આઈ.આર. પેજ નં. ૬૩૮** ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને લેતા હાલના અરજદારે જણાવેલ હકિકતોથી વિરુધ્ધની કોઈ હકિકત રેકર્ડ ઉપર આવેલ ન હોઈ, અરજદાર તરફથી જરુર પડયે મુદામાલ અદાલતમાં, પોલીસ સ્ટેશનમા સમયાંતરે રજુ કરશે તેવી બાંહેધરી મેળવી, શરતો લાદીને આ કેસના આખરી નિકાલ સુધી વચગાળાની કસ્ટડીથી કબજે કરેલ મુદામાલ પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાઈ આવે છે. આથી ન્યાયના વિશાળ હિતમાં અરજદારની હાલની અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

અરજદાર/આરોપી પીન્ટુ કુમાર સૂર્યદેવ યાદવ, ઉ.વ.૩૪, રહે. ઘર નં .નવીસુંદર પુરી, તયબા મસ્જીદ ગાંધીધામ–કચ્છનાઓની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

અરજદારને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે ગાંધીધામ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજિસ્ટર નં...૩૩૩/૨૦૨૬, પ્રોહી કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુના કામે કબ્જે કરેલ HERO MOTOCORP LTD GLAMOUR-DRUM SELF છે કે જેના રજી.નંબર– GJ-12-DH-3749 છે જેના એન્જીન.નં .JA06EHH9J10762 તથા ચેસીસ નં. MBLJARO17H9J32341 નાઓનો વચગાળાની કસ્ટડીએ કેસના આખરી નિર્ણય સુધી દોઢી રકમના

જામીન બોન્ડ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**-:: શરતો ::-**

(૧) અરજદારે સદર મુદામાલ વાહન અત્રેની અદાલત સમક્ષ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં સ્વખર્ચે રજુ કરવાનું રહેશે.

(૨) અરજદારે મુદામાલ વાહનમાં આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થતાં સુધી કોઈપણ જાતનો ફેરફાર કરવો કે કરાવવો નહીં, મુદામાલની સંભાળ લેવી અને કોઈપણ વ્યકિતને ગીરો, વેંચાણ, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે આપવો નહીં.

(૩) વધુમાં ત.ક.અ.શ્રી/પી.આઈ.શ્રી એ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭(૩)(૪)(૫) મુજબ વાહનના ચારેય એંગલથી ફોટોગ્રાફ અરજદારના ખર્ચે પડાવવા તેમજ આવા મુદામાલની વીડીયોગ્રાફી કરવી અને તે બાબતેનું વિગતવારનું પંચનામું કરવું અને ચાર્જશીટ સાથે રજુ રાખવા.

(૪) સદર મુદામાલ વાહનનો ઉપયોગ ગુન્હાહીત કૃત્યમાં કરવો નહીં.

(૫) અરજદારે જામીન તથા ખત જે તે પોલીસ સ્ટેશનને રજુ કરવા.

(૬) જવાબદાર પોલીસ અધિકારીશ્રી/પી.આઈ.શ્રીએ મુદામાલ વાહન હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ, આ હુકમની એક પ્રત, જરુરી બોન્ડ ચાર્જશીટના કામે રજુ રાખવા.

હુકમ અંગે જરુરી યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: - ૦૫/૦૬/૨૦૨૬**
**સ્થળ : - ગાંધીધામ- કચ્છ**

**(એસ.એલ.મહેતા)**
**I/C અધિક ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,**
**ગાંધીધામ કચ્છ.**
**(જી.જે.૦૧૨૨૯)**

P.B.SADIYA.